જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા.૦૯/૦૮/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૩૩૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૭ | ૦ | ૧૦૩૫૭ | ૧૬૪૧૬ | ૪ | ૧૬૪૨૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૬ | ૦ | ૪૩૩૬ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૨૬ | 3 | ૧૪૦૨૯ | ૧૪૫૫૯ | ૧૩ | ૧૪૫૭૨ |
| કુલ | | ૨૮૭૬૩ | 3 | ૨૮૭૬૬ | ૩૭૦૪૦ | ૧૭ | ૩૭૦૫૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૯ | ૭,૭૮,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૯૬ | ૪,૪૮,૦૦૦/- |

# ડુપ્લીકેટ માસ્ક વેચાણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી. :

**"બાપુનગર પોલીસ સ્ટેશન ની હદમા આવેલ સુમેલ-૭ બિઝનેશ પાર્કમા આવેલ "માં ક્રિએશન" નામની દુકાન માથી "3M 8210" કંપનીના સિમ્બોલ વાળા N-95 ડુપ્લીકેટ માસ્ક નંગ-૧૭૮૦ કિંમત રૂ.૮,૯૦,૦૦૦/ ના પકડી પાડતી પી.સી.બી."**

આજરોજ મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબની સુચનાથી પીસીબીના ઈન્ચાર્જ પો.સ.ઈ. શ્રી એ.ડી.ચાવડા નાઓ સ્ટાફના અ.હેડ.કોન્સ. રાજેન્દ્રસિંહ જીવતસિંહ, અ.હેડ.કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ, અ.હેડ.કોન્સ. શૈલેષકુમાર દેવાભાઇ, અ.પો.કોન્સ. પ્રિયવદન જયંતીલાલ નાઓ સાથે પેટ્રોલીગમા હતા જે દરમ્યાન સ્ટાફને સફલ સુમેલ-૭ બિઝનેસ પાર્ક, સોનીની ચાલી પાસે, ઓઢવ, અમદાવાદ ખાતે આવેલ દુકાન નં. એચ-૩૦૯, "માં ક્રિએશન" નામની દુકાનમાં કેટલાક ઈસમો "3M 8210" કંપનીના N-95 ડુપ્લીકેટ માસ્કનુ વેચાણ કરતા હોવાની હકીક્ત મળેલ જે હકીકત બાબતે "3M" કંપનીના ઓથોરાઝડ ઓફિસર દ્વારા ખરાઈ કરાવતા હકીક્ત સાચી જણાતા પંચો તથા ઉપરોક્ત કંપનીના માણસો સાથે ઉપરોક્ત દુકાનમા રેઈડ કરતા "3M 8210" કંપનીના સિમ્બોલ વાળા ડુપ્લીકેટ માસ્ક નંગ-૧૭૮૦ કિંમત રૂ.૮,૯૦,૦૦૦/ ના મુદામાલ સાથે ચાર આરોપીઓને પકડી લઈ તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી બાપુનગર પો.સ્ટે.ખાતે ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦ તથા ધી કોપીરાઈટ એક્ટ સન-૧૯૫૭ ની કલમ ૬૩, ૬૪, ૬૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવવા તજવીજ કરવામા આવેલ છે.

| | | |
|---|---|---|
| આરોપી | : | (૧)કીરણભાઇ નાનજીભાઇ જેઠવા રહે. એમ/૧૦૧, વૃંદાવન વાટીકા, આર.ટી.ઓ.રોડ, વસ્ત્રાલ, અમદાવાદ શહેર<br>(૨) કમલેશકુમાર ધનરાજભાઇ મહેતા રહે. ૬, ભગવતી ફ્લેટ, કેશવ બાગ કોલોની પાસે, રામબાગ રોડ, સાબરમતી, અમદાવાદ શહેર.<br>(૩) નિરજ સુરેશભાઇ ભાટીયા રહે. ડી/૭, સુખધામ ફ્લેટ, વલ્લભપાર્ક સર્કલ પાસે, ડી-કેબીન રોડ, સાબરમતી, અમદાવાદ શહેર.<br>(૪) ઘનશ્યામ નાનકરામ નાગરાણી રહે. ડી/૩૦૩, શ્યામ ચરણ ફ્લેટ, ટોયોટા શો-રૂમ પાસે, નાના ચિલોડા, અમદાવાદ શહેર.<br>(૫) વોન્ટેડ: કમલેશ ગંગવાણી રહે. હાંસોલ, અમદાવાદ.. |
| મુદ્દામાલ | : | "3M 8210" કંપનીના સિમ્બોલ વાળા ડુપ્લીકેટ માસ્ક નંગ-૧૭૮૦ કિં.રૂ.૮,૯૦,૦૦૦/- |

# છેતરપીંડીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :

## ૧૧૦૦ જેટલા વ્યકતીઓને ટેલિગ્રામ એપ ચેનલ મારફતે સાયબર ક્રાઇમનો શિકાર બનાવી છેતરપીંડી આચરતી ગેંગને પકડવામાં આવી

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના સૂચનથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો.રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા સાયબર ક્રાઇમને લગતા ગુનાઓ શોધવા અને અટકાવવા સારૂ સૂચન કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજાનાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા પો.કો. વિરભદ્રસિંહ પ્રવિણસિંહ તથા પો.કો.મનોજકુમાર ભરતભાઇ નાઓની સંયુકત બાતમી આધારે ટેલીગ્રામાં એપ્લીકેશનમાં ચેનલ બનાવી તેમાં ખોટા સેલર તરીકેની ઓળખ આપી મોબાઇલ, લેપટોપ જેવી વસ્તુઓની લોભામણી જાહેરાત મુકી લોકોને પોતાના ગુગલ પ્લે, ફોન પે, માં પૈસા નંખાવી બાદમાં ગ્રાહનો મોબાઇલ બ્લોકમાં નાખી આશરે ૧૧૦૦ થી વધુ વ્યકતીની સાથે રૂ,૧૮,૦૦,૦૦૦/- જેટલી માતબર રકમની છેતરપીંડી કરતી ગેંગને ઝડપી પાડવામાં આવેલ છે.

છેતરપીંડીની એમ.ઓ.

ઉપરોકત ત્રણેય આરોપીઓ ટેલીગ્રામ નામની એપ્લીકેશનમાં (૧) *DARK WEB CARDING* (2) *TRUSTED AND SAFEST CARDING* (3) *EYECARE HUB* નામની ચેનલ બનાવી મોઘા મોબાઇલ ફોન, લેપટોપ, એલ.ઇ.ડી. જેવી વસ્તુઓની સસ્તા ભાવની લોભામણી જાહેરાતો પ્રમોટર મારફતે દેશભરમાં પ્રમોટરની બનાવેલ ચેનલોમાં અપાવતા હતા, ત્યારબાદ આવી જાહેરાત જોઇ ભોગબનનાર વ્યક્તિ આરોપીઓની લિંક ઉપર કલીક કરે ત્યારે તેની સાથે મેસેજથી વાત કરી લાલચ આપી પ્રોડકટની કિંમતનુ 50% પેમેન્ટ કરવાનુ જણાવતા હતા, ગ્રાહક પેમેન્ટ કરવા તૈયાર થાય તો પોતાના ગુગલ પ્લે, ફોન પે નો ક્યુઆર કોડ ગ્રાહકને મોકલી તેના મારફતે પૈસા મેળવી લઇ બાદમાં ગ્રાહનો મોબાઇલ નંબર બ્લોકમાં નાખી દઇ છેતરપીંડી કરવાની MO થી ગુનો આચરતા હતા.

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તથા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા પો.કો. વિરભદ્રસિંહ પ્રવિણસિંહ તથા પો.કો.મનોજકુમાર ભરતભાઇ તથા સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

આરોપીઓ:

(૧) અનીશ સ/ઓ જીતુભાઇ બાબુભાઇ જોષી ઉવ.૧૯ રહે, સી/૧૪ એવરેસ્ટ એલીગન્સ રાણીપ

(૨) વિશાલ સ/ઓ ખેમચંદભાઇ શર્મા ઉવ.૧૯ રહે, બી/૨૦ દુર્ગાશક્તિ ફ્લેટ ચાંદલોડીયા તળાવ પાસે ચાંદલોડીયા અમદાવાદ શહેર

(૩) ધ્રુવ સઓ સુરેશભાઇ હિંગોલ ઉવ.૧૯ રહે, સી/૨૨ સિમંધર રેસીડેન્સી સિલ્વર સ્ટાર ચાર રસ્તા પાસે ચાંદલોડીયા અમદાવાદ શહેર



ધ્રુવ સુરેશભાઈ હીગોલ જી. ઈ. સી. આઈ. ટી.



વિશાલ ખેમચંદ્ર શર્મા એલ. જે. કોલેજ BSC



અનીશ જીતુભાઈ જોષી - સાલ કોલેજ - બી ફાર્મ

# ચેઇન સ્નેચીંગના ગુનાનો આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

ખોખરા પોલીસ સ્ટેશનનો ચેઇન સ્નેચીંગનો ગુનો શોધી કાઢી એક આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ તા ૦૬/૦૮/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા પેટ્રોલીગમા ફરતા ફરતા ઇસનપુર સોનીના ખેતરના નાકે આવતા સાથેના એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા અ.હે.કો સુરેશકુમાર જીવણભાઇ તથા અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ નાઓને સયુક્ત બાતમી હકિકત મળેલ કે અગાઉ ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલો આશીફ ઉર્ફે ગાંડી નાએ કોઇ જગ્યાએથી ચેઇન સ્નેચીંગ કરેલ છે અને તે હાલમા ચેઇન વેચવા ફરે છે અને હાલમા તે એક લાલ કલરની સ્પ્લેન્ડર પ્લસ મો.સા નં જી.જે-૨૭ ડી.એ-૮૫૮૯ લઇને સુર્યનગર ગરનાળા તરફથી આવી અત્રે થઇ તેના ઘર તરફ જવાનો છે જે હકિકત આધારે તા ૦૬/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે આરોપી આસીફખાન ઉર્ફે ગાંડી ફરીદખાન પઠાણ ઉ.વ ૨૭ રહે,મ.નં ૭ સુફીનગર ગેટ નં-૨ ની અંદર સોનીનુ ખેતર મિલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી સોનાની ચેઇન ૧૨ ગ્રામ ૮૦૦ મી.લી ગ્રામની કિંમત રૂપિયા ૬૦,૦૦૦/-ની તથા ગુનામા વાપરેલ મો.સા સ્પ્લેન્ડર પ્લસ નં જી.જે-૨૭ ડી.એ-૮૫૮૯ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ખોખરા પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૩૨૦૦૮૪૬/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩ મુજબનો ગુનો ડિટેક્ટ કરેલ છે તા ૦૭/૦૮/૨૦૨૦

આ કામગીરી કરનાર ટીમ

(૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન માર્ગ દર્શન અને સુચના

(૨) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન-માર્ગ દર્શન અને સુચના

(૩) કે.એમ.ચાવડા પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;-આરોપી પકડનાર

(૪) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;--------બાતમી

(૫) અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન-------બાતમી

(૬) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;--------બાતમી

(૭) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૮) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા

સાથે(૯) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૧૦) અ.પો.કો દેવેન્દ્રસિહ વેલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;-આરોપી પકડવામા સાથે (૧૧) અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૧૨) અ.પો.કો પ્રભાતસિહ દેવુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૧૩) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૧૪) લોકરક્ષક સચીન નારણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૧૫) લોકરક્ષક રોહીતસિહ નટુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૧૬) લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૧૭) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે (૧૮) લોકરક્ષક શીતલબેન દેવજીભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપી પકડવામા સાથે



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી. :

## “વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી વિદેશી દારુની બોટલો નંગ- ૬૮૪ કિ.રૂ.૨,૧૯,૪૨૦/ તથા ટીન બીયરના નંગ- ૧૨૦ મળી કિ.રૂ.૧૩,૩૨૦/ મળી કુલ્લે ૨,૩૨,૭૪૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૦૯.૦૮.૨૦૨૦ ના રોજ પીસીબીના સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ, મસઈ કિરીટસિહ ભવાનસિહ, મસઈ જશંવતસિહ બળદેવસિહ, અહેકો મહેન્દ્ર વાસુદેવ તથા અહેકો ક્લ્પેંદ્રસિહ ચંન્દ્રસિહ, અહેકો જગદીશકુમાર કાંતીલાલ, અહેકો સુખદેવસિહ લાખુભા, અહેકો અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, અહેકો વિજયસિહ હિંદુજી તથા અહેકો દિલીપસિહ પૃથ્વીસિહ તથા અપોકો કેયુરભાઈ ધીરુભાઈ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન મસઈ ધનરાજસિહ માનસિહ તથા અપોકો કેયુરભાઈ ધીરુભાઈ નાઓને મળેલ ચોક્ક્સ બાતમી હકીક્ત આધારે મકાન નંબર એ/૮ પ્રિન્સ ડુપ્લેક્ષ બરફની ફેકટરી પાસે જુહાપુરા અમદાવાદ તથા અમન ડુપ્લેક્ષ હુસૈનપાર્ક વિભાગ-૧ જુહાપુરા અમદાવાદ ખાતે પંચો તથા મહિલા પોલીસની સાથે રેઈડ કરી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૬૮૪ કિ.રુ.૨,૧૯,૪૨૦/ તથા ટીન બીયર નંગ ૧૨૦ કિ.રુ.૧૩,૩૨૦/ મળી કુલ્લે કિ.રુ.૨,૩૨,૭૪૦/- ના મુદામાલ સાથે નસીમબાનુ ઉર્ફે આપા વા.ઓ. ગુલહુસૈન મોહમંદ ઈસરાઈલ કુરેશીને પક્ડી તથા અન્ય ૨ ઈસમો ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વેજલપુર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૨૮૨૦૧૫૫૦/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

(૧) નસીમબાનુ ઉર્ફે આપા વા.ઓ. ગુલહુસૈન મોહમંદ ઈસરાઈલ કુરેશી ઉ.વ.૫૧ રહે. એ/૮ પ્રિન્સ ડુપ્લેક્ષ બરફની ફેકટરી પાસે જુહાપુરા અમદાવાદ (હોમ ક્વોરંન્ટાઈન)

## વોન્ટેડ આરોપીઓ:

(૧) અકબરઅલી ઉર્ફે જુબેરઅલી ઉર્ફે કાલુ સ.ઓ. મહંમદભાઈ સૈયદ રહે.મરીયમ બીબીની ચાલી ગોમતીપુર અમદાવાદ શહેર

(૨) સલીમ અબ્બાસમીયા ઠાકુર રહે.હુસૈનપાર્ક વિભાગ-૧ મા અમન ડુપ્લેક્ષ અમદાવાદ શહેર

## ગુનાની જગ્યા :

એ/૮ પ્રિન્સ ડુપ્લેક્ષ બરફની ફેકટરી પાસે જુહાપુરા અમદાવાદ તથા અમન ડુપ્લેક્ષ હુસૈનપાર્ક વિભાગ-૧ જુહાપુરા અમદાવાદ ખાતે

## પકડાયેલ મુદામાલ :

ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૬૮૪ કિ.રુ.૨,૧૯,૪૨૦/ તથા ટીન બીયર નંગ ૧૨૦ કિ.રુ.૧૩,૩૨૦/ મળી કુલ્લે કિ.રુ.૨,૩૨,૭૪૦/- ના મુદામાલ





## નરોડા પોલીસ સ્ટેશન :

## તા.૦૯/૦૮/૨૦૨૦ નારોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીગ દરમ્યાન ટાટા ટેલર ટ્રક માંથી ભારતીય બનાવટની વિદેશીદારુની ઊચી બ્રાન્ડ ની બોટલ કુલ - ૯૬ કિંમત રૂપિયા ૮૧,૯૮૪/- સહિત કુલ્લે રૂપિયા ૨૧,૪૯,૩૯૪ સાથે બે ઈસમોને પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના મુજબ જુગાર તથા પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.જી.પટેલ નાઓની સુચના મુજબ પો.સ.ઇ.જે.જી. કામળીયા તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી હકીકત આધારે એક ઈસમ નામે ધરમચંદ્ર ઓમકારલાલજી જાતે. ડાગી ઉ.વ.૩૬ રહે. ગામ. ગાડેલી હનુમાનજી મંદિર ની પાસે ખેમલી તા. માલવી થાણા ધાસા. ઉદેપુર રાજસ્થાન +૧=૨ નાને રણાસણ સર્કલ કાકા ભજીપાવ થી ઇન્ડિયન પેટ્રોલ પંપ ની વચ્ચે જતા રોડ ઉપરથી ભારતીય બનાવટની વિદેશીદારુની ઉંચી બ્રાન્ડ ની બોટલ નંગ ૯૬ ની કિંમત રૂ. ૮૧૯૮૪/- તથા અંગ જડતીના નાણાં ૧૦,૧૬૦/- ટાટા ટેલર ટ્રક કિંમત રૂ. ૨૦,૦૦,૦૦૦/ તથા મોબાઈલ ફોન એક કિંમત રૂપિયા ૩૦૦૦/- તથા ટ્રક માંથી મળી આવેલ પથ્થર ના પાવડરની બેગ નંગ ૭૦૦ કિંમત રૂપિયા ૫૪૨૫૦/- ગણી કુલ્લે રૂ.૨૧,૪૯,૩૯૪/- મુદ્દામાલ સાથે તા.૦૯/૦૮/૨૦૨૦ ના કલાક ૫/૦૦ વાગે પકડી તેના વિરુધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૫ એ(ઇ).૬૬(૧)બી,૧૧૬(બી),૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાના કામે નજર કેદ રાખી સારી કામગીરી કરેલ છે.

આરોપીનુ નામ –

(૧) ધરમચંદ્ર ઓમકારલાલજી જાતે. ડાગી ઉ.વ.૩૬ રહે. ગામ. ગાડેલી હનુમાનજી મંદિર ની પાસે ખેમલી તા. માલવી થાણા ધાસા. ઉદેપુર રાજસ્થાન તથા (૨) કિશનલાલ ગણેશજી કોકલજી જાતે.ભીલ ઉ.વ.૩૨ રહે. કન્ડોલી થાણા માલવી જી. ઉદેપુર રાજસ્થાન

(૨) વોટેડ- રાહુલ જેના પુરા નામ સરનામાની ખબર નથી રહે.ખેરવાડા ડુંગરપુર રાજસ્થાન

મુદ્દામાલ –

ભારતીય બનાવટની વિદેશીદારુની ઉંચી બ્રાન્ડ ની બોટલ નંગ ૯૬ ની કિંમત રૂ. ૮૧૯૮૪ તથા અંગ જડતીના નાણાં ૧૦,૧૬૦/- ટાટા ટેલર ટ્રક કિંમત રૂ. ૨૦,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન એક કિંમત રૂપિયા ૩૦૦૦/- તથા ટ્રક માંથી મળી આવેલ પથ્થર ના પાવડરની બેગ નંગ ૭૦૦ કિંમત રુપિયા ૫૪૨૫૦/- ગણી કુલ્લે રૂ. ૨૧,૪૯,૩૯૪/- મુદ્દામાલ

કામગીરી કરનાર કર્મચારી

પો.સ.ઇ. જે.જી. કામળીયા તથા અ.લો.ર. લાલાભાઇ રયાભાઇ બ.ન. ૧૩૨૪ તથા અ.લો.ર. દેવેન્દ્રસીહ ભિખુભા બ.ન.૨૫૧ તથા લો.ર. નારણભાઈ રણશિભાઈ બ. ન.૧૧૬૬



# પેરોલ ફર્લો રજા થી ફરાર આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

ઇસનપુર પોલીસ સ્ટેશનના મર્ડરના ગુનામા પાકા કેદી તરીકે જેલમા રહેલ અને ફર્લો રજા ઉપરથી ફરાર થઇ ગયેલ આરોપીને પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા તથા પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના મળેલ હોય  જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ તા ૦૮/૦૮/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ચંડોળા તળાવ રૂબી કિરાણા સ્ટોરની ગલીમા મ.નં ૧૫૯૦ આગળથી અ.હેડ.કોન્સ કુલદીપસિહ હરૂભા તથા અ.પો.કો પ્રભાતસિહ દેવુભા તથા લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે ઇસનપુર પોલીસ સ્ટેશનના સને ૨૦૧૩ મા મર્ડરના ગુનામા પકડાયેલ અને પાકા કેદી તરીકે જેલમા સજા ભોગવી રહેલ આરોપી સાજીદઅલી અશરફઅલી સૈયદ ઉ.વ ૨૮ રહે,મ.ન ૧૫૯૦ રૂબી કિરાણા સ્ટોરની ગલીમા ચંડોળા તળાવ શાહઆલમ અમદાવાદ શહેરનાનો સાબરમતી જેલમાથી તા ૧૭/૦૭/૨૦૨૦ ના રોજ ફર્લો  રજા ઉપર છુટેલો અને તા ૦૧/૦૮/૨૦૨૦ ના રોજ પરત જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તે જેલમા પરત હાજર ન થઇ ફરાર થઇ ગયેલ તેને આજરોજ તા ૦૮/૦૮/૨૦૨૦ ના કલાક ૧૬/30 વાગે પકડી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે તા ૦૮/૦૮/૨૦૨૦



# પાસા અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :

**(૧)**

## શરીર સબંધી ગુનામા પકડાયેલ એક આરોપીની **પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ** જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ આરોપી ફઇમ મુસ્તાકભાઇ શેખ ઉ.વ ૨૫ રહે,શાહઆલમ નવાબની ચાલી રાબીયા ફ્લેટની સામે દાણીલીમડા અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ ડી.ટી.એન/પાસા/૬૩૭/૨૦૨૦ તા.૦૮/૦૮/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૦૮/૦૮/૨૦૨૦



## (૨)

## શરીર સબંધી ગુનામા પકડાયેલ એક આરોપીની **પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ** જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ આરોપી દિલીપ પબજીભાઇ વાઘરી ઉ.વ ૨૧ રહે,હરિપુરાના છાપરા સેવન્ડે સ્કુલની બાજુમા ખોખરા અમદાવાદ શહેર મુળવતન ગામ-મોટી ચંદુર તા-પાટણ જી-પાટણનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપીને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૬૦૫/૨૦૨૦ તા.૦૫/૦૮/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૦૮/૦૮/૨૦૨૦



## રામોલ પોલીસ સ્ટેશન :

## પ્રિહીબિશન સંબંધી ત્રણ આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન સંબંધી ગુનામા પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા (૧) પીસીબી/ડીટીએન/પાસા/૬૨૯/૨૦૨૦ તા.૦૭/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી જયંતીભાઇ સ/ઓ કાંતિભાઇ ડાભી ઉ.વ.૨૮ ધંધો.ખેત મજુરી રહે.ગામ.બદરપુર ગોકળપુરા ખેતરમા તા.કઠલાલ જિ.ખેડા પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૦૮/૦૮/૨૦૨૦ ના ક.૧૭/૦૦ વાગે (૨) પીસીબી/ડીટીએન/પાસા/૬૩૦/૨૦૨૦ તા.૦૭/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી સોનલબેન વા/ઓ પંકજસિંહ જાતે રાઠોડ ઉ.વ.૩૦ ધંધો.મજુરી રહે.વિસાજીનો કુવો ઠાકોરવાસ વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૦૮/૦૮/૨૦૨૦ ના ક.૧૬/૦૦ વાગે (૩) પીસીબી/ડીટીએન/પાસા/૬૩૧/૨૦૨૦ તા.૦૭/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી મંજુલાબેન વા/ઓ પ્રવિણભાઇ જાતે સોઢા ઉ.વ.૫૫ ધંધો.મજુરી રહે.વિસાજીનો કુવો ઠાકોરવાસ વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર નાઓની પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૦૮/૦૮/૨૦૨૦ ના ક.૧૬/૩૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીઓને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે

## ઓઢવ પોલીસ સ્ટેશન :

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી અચલ ત્યાગી સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/603/2020 તા. 06/08/2020 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારી એ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત લાજપોર જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા. ૦૮/૦૮/૨૦૨૦

### પાસા અટકાયતી

સુધીરભાઇ રામસિંગ રાઠોડ ( છારા ) ઉ વ ૫૯ રહેવાસી પદમશાળી સોસાયટી પાસે ચર્ચની બાજુમાં વિરાટનગર રોડ ઓઢવ અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સ.ઈ શ્રી આર એ ઝાલા તથા એ એસ આઇ પરથીભાઇ પુરાભાઇ બ.નં- ૩૧૫ તથા અ પો કો પરીમલ મોહનભાઈ બ નં ૧૨૯૬૨ તથા અ પો કો હરપાલસિંહ રઘુવિરસિંહ બ.નં. ૧૧૭૦૦ તથા અ પો કો નિકુંજકુમાર ભીમરાવ બ. નં. ૬૩૦

**નરોડા પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૧૯૬૫/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી ૬૫(ઇ) ૮૧ ૯૮(ર) મુજબ ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૮/૨૦૨૦ તા-૦૮/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપણને તા-૦૮/૦૮/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનુ નામ -

"પિન્કી વા/ઓ ઉમેશ વીરચંદભાઇ નેતલેકર ઉ.વ.૨૫ રહે: ફ્રી કોલોની દેવદાસની પાછળ સરદારનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

વુ.પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર તથા પી.આઇ. પર્સનલના હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

# "શી" ટીમની કામગીરીની વિગત

## ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન :

ગુજરાત યુનિવર્સિટી SHE ટીમ દ્વારા ગુલબાઈ ટેકરા વિસ્તારમાં માસ્ક વિતરણ કરવામાં આવ્યું.









**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૧૯ લીટર દેશી દારૂ, ૧૫૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૩ કેસ કરી ૪૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૯,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૭/૨૦૨૦**

**શહેરકોટડાઃ** ફાતીમા વા/ઓ ઇમરાનખાન ધાંચી (ઉ.વ.૨૭) (રહે. જી.એમ કમ્પાઉન્ડ સરસપુર) એ તા.૦૮/૦૮/૨૦૨૦ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૧૯ થી તા.૨૯/૦૭/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી યોગેશકુમાર મહેશકુમાર તોમર (રહે.મુકુંદપુર દિલ્લી) એ ફાતીમા ધાંચે સાથે વાતચીત કરી રૂપિયા ૩ લાખની લોન આપવા લાલચ આપી વિશ્વાસમાં લઇ લોન આપવાની પ્રોસીજર પેટે ફાતીમા ધાંચી પાસેથી રૂપિયા ૬૧,૯૯૮/- તેના બેંક ખાતામાં જમા કરાવડાવી આજદીન સુધી લોન નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.ડાભી ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** ઓમ સ/ઓ ભાવેશભાઈ પટેલ (ઉ.વ.૧૯) (રહે. મોટી હમામની પોળ ધી કાંટા) એ તા.૦૮/૦૮/૨૦૨૦ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓમ પટેલે પોતાનો સેમસંગ ગેલેક્ષી M31 કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૬,૪૦૦/- ઓએલએક્સ એપ્લીકેશન ઉપર વેચવા સારૂ મુકતા તા.૦૭/૦૮/૨૦૨૦ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે આરોપી મોબાઈલ નંબર ૭૭૩૫૧૭૫૬૭૦ ના ધારકે ઓમ પટેલનો સંપર્ક કરી મોબાઈલ ફોન ખરીદ કરવાનુ કહી ઓમ પટેલને જમાલપુર જગદીશ ભજીયા હાઉસ સામે ગલીમાં બોલાવી ઓમ પટેલ પાસેથી મોબાઈલ ફોન મેળવી લઈ પૈસા લઈને આવુ છુ તેમ કહી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી વી.એન.શીંગરખીયા ચલાવે છે.

**પાલડીઃ** જનકસિહ ખુશાલસિહ પરમાર (ઉ.વ.૫૧) (રહે. ભગવાનનગરની ચાલી પ્રદીપ સોસાયટી પાસે પાલડી) એ તા.૦૮/૦૮/૨૦૨૦ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૧૮ નારોજ આરોપી મહેન્દ્ર મીઠાલાલ ચોપરા (રહે. શાયોના કો.ઓ.હા.સો.લી વિભાગ-03 ચાંદલોડીયા) જનકસિહ પરમાર પાસેથી સામાજીક કામ અર્થે બાહાર જવાનુ જણાવી એકાદ દિવસમા પરત આપી જવાનુ જણાવી વિશ્વાસ કેળવી જનકસિહ પરમારની સેવરોલેટ ક્રુઝ ગાડી નંબર જીજે ૦૧ આરડી ૫૩૧૯ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- લઈ જઈ આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ઓ.રબારી ચલાવે છે.

## <u>લુંટની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૩૮/૨૦૨૦</u>

વાસણાઃ મિહિરભાઈ અતુલભાઈ પટેલ (ઉ.વ.૩૨) (રહે. ઓમઓરબીટ ફલેટ વટવા વિઝોલ રોડ રોપડા રીંગરોડ પાસે વટવા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે વિશાલાથી નારોલ તરફ જતા મેટ્રો બ્રીજની આગળ આવેલ ડાબી બાજુના ભાઠા ગામ તરફ જવાના કાચા રસ્તા ઉપર રિક્ષામા આવેલ ત્રણ પુરૂષોએ ભેગા મળી મિહિર પટેલને લાકડાના દંડા વડે તથા ગડદાપાટુનો માર મારી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૮૦૦૦/- અને પર્સમાંથી રોકડ રૂપિયા ૭૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૬,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.સુર્યવંશી ચલાવે છે.

## <u>સોનાની ચેઈન ખેચી ઝુંટવી લઈ ગયોઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૩૯/૨૦૨૦</u>

**મણીનગરઃ** દિનેશભાઈ લાલભાઈ ખત્રી (ઉ.વ.૬૦) (રહે. ગંગેશ્વર સોસાયટી બેસ્ટ હાઈસ્કુલ સામે ભૈરવનાથ રોડ મણીનગર) તા.૦૬/૮/૨૦૨૦ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે મણીનગર શ્યામ સુંદર સોસાયટી વિભાગ-૨ નાકા આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ દિનેશભાઈ ખત્રીના ગલામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દિનેશભાઈ ખત્રીએ તા.૦૮/૦૮/૨૦૨૦ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ. એસ.ગોસ્વામી ચલાવે છે.

## <u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૩૪૦/૨૦૨૦</u>

**ચાંદખેડાઃ** શુભમ વિષ્ણુભાઇ ચૌધરી (ઉ.વ.૧૯) (રહે. મહારાજા રેસીડન્સી ન્યુ.સી.જી.રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૦ રાતના ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંકના ધાબા પરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી